GUJARATI

# NEW JERSEY નો કાયદો કામદારના મિસક્લાસિફિકેશન (ખોટું વર્ગીકરણ) નો નિષેધ કરે છ

## કર્મચારીના અધિકારોને લગતી નોટિસ
## નોકરીદાતાની જવાબદારીઓ

### મિસક્લાસિફિકેશન શું છે?

- મિસક્લાસિફિકેશન એક એવી પ્રણાલી છે જેમાં નોકરીદાતા દ્વારા કર્મચારીઓને ખોટી રીતે એક સ્વતંત્ર કોન્ટ્રેક્ટર તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.
- મિસક્લાસિફિકેશન કામદારોને તેમના મૂળભૂત અધિકારો, સંરક્ષણો અને કર્મચારીઓના બાંયધરીકૃત લાભોથી ગેરકાયદેસર રીતે વંચિત રાખી શકે છે જેમ કે, **ન્યૂનત્તમ વેતન ઓવરટાઈમની** ચુકવણી, **વેતનનો સમય અને ચુકવણીની રીત** સુરક્ષા, સુરક્ષા સામે **ગેરકાદેસર કપાતો** ચુકવણી સામે, **બેરાજગારીની ભરપાઈ, અસ્થાયી વિકલાંગતા સંબંધી લાભો, પારિવારીક રજા માટે મળતી રકમ સંબંધી લાભો, કામદારનું વળતર, પારિવારીક રજા** અને **મળવાપાત્ર માંદગી સંબંધી રજા.**
- અવારનવાર કામદારોને જ્યારે "સત્તાવાર નોંધ કર્યા વિના" રોકડ ચુકવણી કરવામાં આવે છે, જે મિસક્લાસિફિકેશન અથવા રોજગાર સંબંધી અન્ય કાયદેસર જવાબદારીઓને છુપાવવા માટેની એક રીત હોય શકે છે.

### હું એક કર્મચારી છું કે એક સ્વતંત્ર કોન્ટ્રેક્ટર છું?

- **New Jersey ના બેરોજગારી વળતરના કાયદા, વેતન અને કલાકના કાયદા, વેતનની ચુકવણીના કાયદા, વેતનની ઉઘરાણીના કાયદા,** અસ્થાયી વિકલાંગતા સંબંધી લાભોના કાયદા (પારિવારીક રજાનો વીમો પૂરો પાડતા વિભાગો સહિત) અને પ્રાપ્ત કરેલી માંદગીની રજા સંબંધી કાયદા હેઠળ, જો તમારા દ્વારા કોઇ સેવા આપવામાં આવી હોય અને તેનું વેતન ચુકવવામાં આવ્યું હોય **અને જો નોકરીદાતા નીચેની ત્રણેય બાબતો સાબિત ના કરી શકે તો,** તમે એક કર્મચારી હોવાનું માનવામાં આવે છે:

  (A) કોઇ સેવા કરાર અને વસ્તુતઃ બન્ને હેઠળ, તમને આ સેવાની કામગીરી પરના નિયંત્રણ અથવા સંચાલનથી મુક્ત રાખવામાં આવેલ હોય અને રાખવામાં આવશે અને

  (B) આપવામાં આવેલી આવી કોઇ સેવા, વ્યવસાયની નિયમિત કામગીરીના અવકાશ બહાર હોય અથવા તો આપવામાં આવેલી આવી કોઇ સેવા એન્ટરપ્રાઇઝના વ્યવસાયના બધા સ્થળોની બહાર આપવામાં આવી હોય અને

  (C) તમે રૂઢિગત રીતે સ્વતંત્રપણે સ્થાપિત વેપાર, ધંધો, વ્યવસાય અથવા વેપાર સાથે સંકળાયેલા હોય.

- New Jersey માં સ્વતંત્ર કોન્ટ્રેક્ટરની સ્થિતિ માટે આનો સંદર્ભ **"ABC પરિક્ષણ"** રૂપે આપવામાં આવે છે.
- ઉપરના ત્રણેય પરિક્ષણોમાંના દરેક પરિક્ષણ માટે ધ્યાનમાં લેવામાં આવતા પરિબળો વિષે જાણવા માટે કૃપા કરીને **www.myworkrights.nj.gov** પર જાવ.

## શું મારે સાબિત કરવું જરૂરી છે કે હું એક કર્મચારી છું?

- નહીં. જો તમે કામ કર્યું હોય અને તેનું વેતન ચુકવવામાં આવ્યું હોય તો, તમને એક કર્મચારી માનવામાં આવે છે. ABC પરિક્ષણના ત્રણેય ભાગોને સંતોષવામાં આવે તે **નોકરીદાતાની જવાબદારી** છે.
- જો નોકરીદાતા ABC પરિક્ષણના **ત્રણેય** ભાગોને સંતોષવાની તેમની જવાબદારી પૂરી ના કરી શકે તો, ઉપરોક્ત દાયદાઓ હેઠળ તમે એક કર્મચારી હોવાનું અને એક કર્મચારીને મળતા અધિકારો, સંરક્ષણો અને લાભો પ્રાપ્ત કરવાનો હક ધરાવતા હોવાનું માનવામાં આવશેNew Jerseyના કાયદાઓ.
- જો તમે માનતા હો કે તમને મિસક્લાસિફાઇડ કરવામાં આવ્યા છે તો, **misclass@nj.dol.gov** પર ઇમેઇલ કરો.

## જો મને IRS ફોર્મ W-2ને બદલે IRS ફોર્મ 1099 આપવામાં આવે તો, તેનાથી કોઇ ફરક પડે છે?

- નહીં. આવકનો અહેવાલ આપવા માટે નોકરીદાતા ક્યા ફેડરલ ટેક્સ ફોર્મનો ઉપયોગ કરે છે તેનાથી કોઇ ફરક પડતો નથી.
- નોકરીદાતા સાથેના તમારા કામના સંબંધની આસપાસના તથ્યો અને તે તથ્યો પર ABC પરિક્ષણ લાગુ કરવાથી ફરક પડે છે.

## જો મારા નોકરીદાતા દ્વારા મને નોકરીમાં લેતા પહેલાં એક સ્વતંત્ર કોન્ટ્રેક્ટરના કરાર પર મારી સહી લેવામાં આવે તો, શું તે મને એક સ્વતંત્ર ઠેકેદારકોન્ટ્રેક્ટર બનાવે છે?

- નહીં. ABC પરિક્ષણ હેઠળ તમારા અને નોકરીદાતા વચ્ચેના કામના સંબંધની આસપાસના બધા તથ્યોના વિશ્લેષણના આધારે તમારી રોજગારની સ્થિતિ નિર્ધારિત કરવામાં આવે છે.
- NJ DOL તમે સહી કરેલા કરારની સમીક્ષા કરશે પરંતુ તમારા રોજગાર સંબંધને માત્ર આ કરાર દ્વારા જ નિર્ધારિત કરવામાં આવશે નહીં.
- New Jersey ની અદાલતોએ ચુકાદો આપ્યો છે કે જો અસ્તિત્વમાં હોય તો, ફક્ત આ કરારને જ ધ્યાનમાં લેવો અને નોકરીદાતા સાથેના તમારા સંબંધની આસપાસના તથ્યોની સંપૂર્ણતાને ધ્યાનમાં ના લેવા એ "પ્લેસ ફોર્મ ઓવર સબસ્ટન્સ" માટે હશે, જે ખોટું છે તેમ અદાલત જણાવે છે.

## જ્યારે કોઇ સ્ટેટ એજન્સી અથવા કોર્ટને એવું જાણવા મળે કે કોઇ નોકરીદાતાએ એક કર્મચારીને એક સ્વતંત્ર ઠેકેદારકોન્ટ્રેક્ટર તરીકે રૂપે મિસક્લાસિફાઇડ કરેલ છે ત્યારે શું થાય છે?

New Jerseyના વેતન, લાભ અથવા કરના કાયદા (ઉદાહરણ તરીકે, જેમને કાયદેસર ન્યૂનત્તમ વેતન અથવા રાજ્ય વેતન અને કલાકના કાયદાના ઉલ્લંઘનમાં ઓવરટાઇમની પ્રીમિયન ચુકવણીથી ગેરકાયદેસર રીતે વંચિત રાખવામાં આવેલ હોય અથવા જેમનું વેતન રાજ્ય વેતન ચુકવણીના કાયદાના ઉલ્લંઘનમાં ગેરકાયદેસરની કપાતોને આધિન હોય તેવા મિસક્લાસિફાઇડ કરેલા કર્મચારીને ચુકવણી પાછી આપવી) અંતર્ગત નોકરીદાતાના ઉલ્લંઘન માટે મિસક્લાસિફાઇડ કર્મચારી અથવા સંપૂર્ણ સ્ટેટ એજન્સીને ઉપાય અથવા ઉપાયો આપના ઉપરાંત, New Jerseyનો કાયદો ડિપાર્ટમેન્ટ ઓફ લેબર એન્ડ વર્કફોર્સ ડેવલપમેન્ટને કર્મચારીઓને મિસક્લાસિફાઇડ કર્યા હોય તેવા નોકરીદાતા સામે **પગલાંઓ** લેવા અને **દંડ** ફટકારવા પણ સશક્ત બનાવે છે. જેમાં નિચે મુજબની બાબતો સમાવિષ્ટ છે:

- **નોકરીદાતા દ્વારા મિસક્લાસિફાઇડ કરેલા કર્મચારીને ચુકવવામાં આવતો દંડ** કામદારની છેલ્લા 12 મહિનાઓની કુલ આવકના 5 ટકાથી વધુ ના હોય શકે.
- **પહેલાં ઉલ્લંઘન માટે મિસક્લાસિફાઇડ કર્મચારી દીઠ $250 સુધી હોય છે અને ત્યારબાદ પ્રત્યેક અનુગામી ઉલ્લંઘન માટે મિસક્લાસિફાઇડ કર્મચારી દીઠ $1,000 સુધી હોય શકે.**
- રાજ્ય વેતન, કર્મચારીઓના મિસક્લાસિફિકેશન સંબંધી લાભ અથવા કર કાયદાઓના ઉલ્લંઘન માટે, નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે
    - **વર્ક ઑર્ડર રોકવામાં આવશે.**
    - **નોદરીદાતા દ્વારા મેળવવામાં આવેલા એક અથવા વધુ પરવાનાઓ,** જે નોકરીદાતાના વ્યવસાયને સંચાલિત કરવા માટે જરૂરી હોય તેને સ્થગિત અથવા રદ કરવામાં આવશે.

- **આ વિભાગને ચૂકવવાપાત્ર વધારાનો દંડ અને ફી** અને જો કર્મચારીનું વેતન દેવાનું બાકી હોય તો **વેતનના બાકી દેણાંના 200 ટકાથી અધિક નહીં એટલી કર્મચારીના નુક્શાનને ચૂકવવા પાત્ર વધારાની રકમ વસૂલવામાં આવશે.**

## મિસક્લાસિફિકેશનની જાણ કરવા માટે મારા નોકરીદાતા દ્વારા લેવામાં આવતા પ્રતિકાર સામે શું મને સુરક્ષા આપવામાં આવે છે?

- નોકરીદાતા દ્વારા રાજ્ય વેતન, લાભ અથવા કર સંબંધી કાયદાના કોઇપણ સંભવિત ઉલ્લંઘનની બાબતે કર્મચારીઓ દ્વારા કમિશનર ઓફ લેબર અથવા કોઇ અધિકૃત પ્રતિનિધિ પાસે તેમના નોકરીદાતા સામે કોઇ પૂછપરછ અથવા ફરિયાદ કરવા માટે તેમના નોકરીદાતાઓ દ્વારા લેવામાં આવતા પ્રતિકાર સામે કર્મચારીઓ સુરક્ષિત છે, જેમાં મિસક્લાસિફિકેશન સમાવિષ્ટ હોય તેવી પૂછપરછો અથવા ફરિયાદો અથવા રાજ્ય વેતન, લાભ અથવા કરના કાયદા હેઠળ અથવા સંબંધિત કોઇપણ કાર્ય માટે કર્મચારી સ્થાપિત થવો અથવા સ્થાપિત થવા જઇ રહ્યા હોવાને કારણે અથવા આવા કોઇ કાર્ય વિષે કર્મચારીએ પુરાવો આપ્યો હોય અથવા આપવા જઇ રહ્યો હોય તે બધું સમાવિષ્ટ છે.
- જ્યારે આવો કોઇ પ્રતિકાર કરવામાં આવે ત્યારે નોકરીદાતા વિરુદ્ધ વહીવટી દંડ ફટકારવા માટે આ વિભાગ કાયદા દ્વારા અધિકૃત છે; જો કે, પૂર્વવત્ કરવાનો અને/અથવા ચુકવણી પાછી કરવાનો આદેશ દેવા માટે ફક્ત અદાલતો જ કાયદાકીય રીતે અધિકૃત છે.

## મિસક્લાસિફિકેશનની જાણ કરવી

જો તમને મિસક્લાસિફાઇડ કરવામાં આવેલ હોય અને ફરિયાદ કરવા માંગતા હો તો, તમે અહીં કરી શકો છો:
**https://wagehour.dol.state.nj.us/default.htm**

વધુ માહિતી મેળવવા માટે અહીં સંપર્ક કરો:

**ઇમેઇલ કરો:**
misclass@dol.nj.gov

**કૉલ કરો:**
609-292-2321

**ફેક્સ કરો:**
609-292-7801

**અહીં લખો:**
Employer Accounts
Subject – Misclassification
NJ Department of Labor and Workforce Development
1 John Fitch Plaza P.O. Box 942
Trenton, NJ 08625-0942

- તમે કોઇપણ રીતે અમારો સંપર્ક કરવાનું પસંદ કરી શકો છો, અમારા બહુભાષી કર્મચારીઓ તમને મદદરૂપ થઇ શકશે અને જરૂરીયાત અનુસાર ભાષાંતર સેવા ઉપલબ્ધ કરી આપવામાં આવશે
- મિસક્લાસિફિકેશન વિષે વધુ માહિતી મેળવવા માટે તમે **www.myworkrights.nj.gov** ની મુલાકાત પણ લઈ શકો છો.

***આ પોસ્ટર નજરે પડે તેવી જગ્યા પર રાખશો***